Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરીપત્ર

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોનાં વડાશ્રીઓ તથા સ્વનીર્ભર અભ્યાસક્રમોનાં કો–ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, COVID : 19ની મહામારીને અનુલક્ષીને ફકત આ વર્ષ પુરતુ જ કોલેજ / યુનિવર્સિટીની પરીક્ષાનું આયોજન (મેડીકલ, હોમિયોપેથી સિવાયના તમામ ફેકલ્ટીમાં) પરીક્ષાનું આયોજન નીચે મુજબ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

<u>વંચાણે લીધું :–</u>

૧) રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦ /ખ – ૧ તા. ૨૪/૦૫/૨૦૨૦.

૨) રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦ /ખ – ૧ તા. ૨૬/૦૫/૨૦૨૦.

રાજય સરકારશ્રીનાં ઉપરોકત ઠરાવો અને UGC ની ગાઈડલાઈન પ્રમાણે તથા તા: ૨૬/૦૫/૨૦૨૦નાં રોજ મળેલ વિવિધ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓની સભામાં ઠરાવ્યા મુજબ સ્નાતક(U.G) કોર્ષમાં સેમેસ્ટર : ૦૬ની તથા અનુસ્નાતક (P.G)કોર્ષમાં પ્રથમ અને બીજા વર્ષનાં અનુક્રમે સેમેસ્ટર ૦૨ અને ૦૪ની પરીક્ષાઓ લેવાશે.

(૧) કોવીડ – ૧૯ની પરિસ્થિતીનાં સંદર્ભમાં આ વર્ષ ખાસ કેસ તરીકે સ્નાતક(U.G)માં એ.ટી.કે.ટી સેમેસ્ટર – ૧,૩,૫ની પરીક્ષાઓ સરકારશ્રીનાં જણાવ્યા અનુસાર ઓકટોબર / નવેમ્બર : ૨૦૨૦માં લેવાનું આયોજન કરવાનું રહેશે, તથા સ્નાતક(U.G)ની સેમેસ્ટર ૬ ની પરીક્ષાઓ રાજય સરકારશ્રીના જી.આર અનુસાર તા: ૨૫/૦૬/૨૦૨૦થી શરૂ થશે. જેનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર હવે પછી મુકવામાં આવશે.

વધુમાં, સાયન્સ ફેકલ્ટીમાં એ.ટી.કે.ટી કેટલાક પેપરો પુર્ણ થયેલ છે અને કેટલાક પેપરો બાકી છે. ત્યાં રાજય સરકારશ્રીનાં પરિપત્રો મુજબ સદર પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

ફકત આ વર્ષ પુરતુ જ કોવીડ – ૧૯ની મહામારીને ધ્યાને લેતા સેમેસ્ટર ૧ અને ૨ ની એ.ટી.કે.ટી હોય તેવા વિદ્યાર્થીઓને પણ સેમેસ્ટર – ૫માં રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગની સુચના અનુસાર પ્રવેશ આપવાનો રહેશે.

(૨) જે ફેકલ્ટીમાં ૦૩ કલાકનાં પ્રશ્નપત્ર છે ત્યાં ૦૩ કલાક મુજબ જ પ્રશ્નપત્ર લેવાશે અને જયાં ૦૨ કલાકનાં પ્રશ્નપત્ર છે ત્યાં ૦૨ કલાકનાં જ રહેશે.

(૩) કોવીડ – ૧૯ની મહામારીની પરિસ્થિતિને ધ્યાને લઈ પરીક્ષાઓ દરમ્યાન માસ્ક, સોશ્યિલ ડિસ્ટન્સીગ અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવા અંગેની માર્ગદર્શક સુચનાઓનું પાલન ચુસ્તપણે કરવાનું રહેશે.

– ૨ –

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in



(૪) સ્નાતક(U.G) કક્ષાએ સેમેસ્ટર : ૨ અને ૪માં સરકારશ્રીનાં પરિપત્રો અનુસાર Merit Based Progression કરવામાં આવશે.

(૫) બી.એસસી સેમેસ્ટર : ૨ અને ૪ માં જે પરીક્ષામાં પ્રેકટીકલ પરીક્ષા પૂર્ણ થયેલ છે તેમાં તે પરીક્ષાનાં માર્કસ ગણતરીમાં લેવા, તેમજ જે પરીક્ષામાં પ્રેકટીકલ પરીક્ષા નથી લેવાઈ તેમાં સરકારશ્રીનાં પરિપત્ર મુજબ ગણતરી કરવાની રહેશે.

વધુમાં, બી.એસસી સેમેસ્ટર : ૬ની પ્રાયોગીક પરીક્ષા જે કોલેજોમાં લેવાની બાકી છે તેમાં સેમેસ્ટર : ૬ની પ્રેકટીકલ પરીક્ષા થીયરી પરીક્ષા પુર્ણ થયા બાદ સરકારશ્રીનાં નિયમ મુજબ સોશિયલ ડીસ્ટસીંગ રાખી લેવાની રહેશે.

(૬) અનુસ્નાતક(P.G)ની સેમેસ્ટર – ૨ અને ૪ની પરીક્ષાઓ તા: ૦૬/૦૭/૨૦૨૦થી શરૂ થશે. તથા સેમેસ્ટર ૦૧ અને ૦૩ની પરીક્ષાઓ (એ.ટી.કે.ટી પરીક્ષા) રાજ્ય સરકારશ્રીની સુચના અનુસાર ઓકટોબર / નવેમ્બરમાં યોજાશે.

(૭) કાનુની વિદ્યાશાખામાં આંતરીક મુલ્યાંકન ન હોવાથી પહેલાં સેમસ્ટરનાં પરિણામને આધારે બીજા સેમેસ્ટરનું પરિણામ Merit Based Progression મુજબ તૈયાર કરવાનું રહેશે, તેમજ એલ.એલ.બી સેમેસ્ટર : ૪ અને ૬ ની પરીક્ષા લેવાશે.

વધુમાં, જે વિદ્યાર્થીનું પહેલાં સેમેસ્ટરની પરીક્ષા આપી ન હોય તેવા વિદ્યાર્થીઓએ ત્યારબાદ લેવાનાર પરીક્ષામાં પરીક્ષા આપવાની રહેશે.

(૮) વિજ્ઞાન વિદ્યાશાખાની બી.એસસીની પ્રેકટીકલ પરીક્ષાની ઉત્તરવહી અને માર્કશીટ બંન્ને જે તે કોલેજોએ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

(૯) શિક્ષણ વિદ્યાશાખામાં બી.એડ અને એમ.એડ સેમેસ્ટર : ૨ અને ૪ ની પરીક્ષા તા: ૦૬/૦૭/૨૦૨૦થી લેવાશે.

(૧૦) બી.કોમ એલ.એલ.બી સેમસ્ટર – ૧૦ની પરીક્ષા લેવાશે, અને સેમેસ્ટર – ૨,૪,૬ અને ૮માં રાજ્ય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં પરિપત્રો મુજબ Merit Based Progression ની કાર્યવાહી થશે.

(૧૧) આર્કીટેકચર વિદ્યાશાખાની સ્નાતક(U.G) અને અનુસ્નાતક(P.G) ની પરીક્ષા તા: ૨૫/૦૬/૨૦૨૦થી શરૂ થશે.

**નોંધ :–**

(૧) વિગતવાર પરીક્ષાનું ટાઈમ ટેબલ યુનિવર્સિટીની વેબસાઈટ પર હવે પછી મુકવામાં આવશે.
(૨) એમ.એસસીમાં થીયરી પરીક્ષા પહેલાં પ્રાયોગીક પરીક્ષાઓ શરૂ થશે.

ક્રમાંક: પરીક્ષા / સાયન્સ / ૭૧૬૪ / ૨૦૨૦.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
તારીખ : ૨૯/ ૦૫ / ૨૦૨૦.

R. B. Patel 30-05-2020
ઈ.ચા. કુલસચિવ

**પ્રતિ,**

(૧) યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજો / અનુસ્નાતક વિભાગોના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તરફ જાણ ઘટતી કાર્યવાહી કરવા સારૂં...